ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# હરભાઇ ત્રિવેદીના શૈક્ષણિક વિચારો

**અગ્રાવત દિપીકાબેન સુરેશભાઇ**

એમ.ફિલ. રિસર્ચ સ્કોલર, શિક્ષણશાસ્ત્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

## પ્રસ્તાવના

મૂળ ભાવનગરના વતની તથા ઘરશાળાના સ્થાપક એવા હરભાઇ ત્રિવેદી શિક્ષણ ક્ષેત્રે અલગ કેડી કંડારનાર હતા. નાનાભાઇ ભટ્ટ તથા ગિજુભાઇ બધેકાના સમકાલીન એવા હરભાઇ એક વિચારશીલ વ્યક્તિ હતા. તેમણે પોતાના પુસ્તકોમાં અનેક ક્રાંતિકારી વિચારો રજૂ કર્યા છે. પ્રસ્તુત સંશોધનમાં તેમના શૈક્ષણિક વિચારોને તારવવાનો સંશોધક દ્વારા નમ્ર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો.

## સંબંધિત સાહિત્યની સમીક્ષા

સંબંધિત સાહિત્યની સમીક્ષા તથા પૂર્વે થયેલા સંશોધનના અધ્યયન બાદ સંશોધકે આ અભ્યાસની ઉચિતતા અંગે સ્પષ્ટતા કેળવી હતી. સંશોધકને કેળવણીકાર હરભાઈ ત્રિવેદીના શૈક્ષણિક વિચારો પર હાથ ધરાયેલ હોય એવો એકપણ અભ્યાસ પ્રાપ્ત થયો નથી. તેથી તેમના શૈક્ષણિક વિચારો સાંપ્રત શિક્ષણને ખૂબ ઉપયોગી સાબિત થશે એવી સંશોધકની પ્રસ્તુત અભ્યાસ અંગેની ભાવના છે.

## સંશોધનનું ક્ષેત્ર તથા પ્રકાર

આ સંશોધનનું ક્ષેત્ર શિક્ષણનું તત્વજ્ઞાન તથા સંશોધનનો પ્રકાર ગુણાત્મક છે.

## સંશોધનના હેતુઓ

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

૧. હરભાઇ ત્રિવેદીના લખાણોમાં પ્રગટતા બાળમનોવિજ્ઞાન, જાતીયશિક્ષણ, સ્વતંત્રતા, સ્વાવલંબન, સ્વશિક્ષણ તથા જીવનલક્ષી શિક્ષણ વિશેના વિચારો તારવવા.

૨. હરભાઇ ત્રિવેદીના વિચારોમાં પ્રગટ થતા શિક્ષણના ધ્યેયો, અભ્યાસક્રમ, અધ્યયન, અધ્યાપન પદ્ધતિ, શિક્ષક-વિદ્યાર્થી સંબંધ તથા શિસ્ત વિશેના ખ્યાલો તપાસવા.

**સંશોધનની ક્ષેત્રમર્યાદા**

હરભાઇ ત્રિવેદીએ કુલ ૩૫ પુસ્તકો લખ્યાની વિગત મળી હતી. તે પૈકી ૧૭ પુસ્તકો પ્રાપ્ત થયા હતા. ઉપલબ્ધ પુસ્તકોમાંથી તેમના શૈક્ષણિક વિચારો તારવવાની પ્રક્રિયા સંશોધક દ્વારા હાથ ધરવામાં આવી હતી.

**સંશોધન પદ્ધતિ તથા ઉપકરણ રચના**

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક અભિગમ આધારિત છે અને તેમાં વિષયવસ્તુ વિશ્લેષણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવા માટે માઇલ્સ અને હ્યુબરમેન (૧૯૯૪) ની સૂચનાઓને ધ્યાનમાં રાખવામાં આવી હતી. જેના અંતર્ગત નીચે મુજબના ઉપકરણની રચના હાથ ધરવામાં આવી હતી;

- ✓ હરભાઇ ત્રિવેદી લિખિત પુસ્તકોનું વાંચન
- ✓ પુસ્તકોના લખાણનો ઊંડાણપૂર્વક અભ્યાસ
- ✓ માહિતીના એકત્રીકરણ માટે બે ઉપકરણોની રચના (બન્ને ઉપકરણો નોંધપત્રકના સ્વરૂપે રચવામાં આવ્યા હતા)

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

✓ નોંધપત્રકમાં હરભાઇ ત્રિવેદીના શૈક્ષણિક વિચારોની હેતુઓને ધ્યાનમાં રાખી નોંધ.

**માહિતીપ્રાપ્તિ અને વિશ્લેષણની પ્રવિધિ**

હરભાઇ ત્રિવેદી લિખિત પ્રાપ્ય પુસ્તકોના ઊંડાણપૂર્વકના અભ્યાસ બાદ વિષયવસ્તુ વિશ્લેષણ અંતર્ગત તેમના શૈક્ષણિક વિચારો તારવવામાં આવ્યા હતા. આ શૈક્ષણિક વિચારોને બે નોંધપત્રકમાં નોંધવામાં આવ્યા હતા. આ પ્રમાણે વર્ગીકૃત થયેલી વિગતોના વર્ગોનો પ્રસ્તુત અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

**તારણો:-**

હરભાઈ ત્રિવેદીએ બાલમનોવિજ્ઞાનના ક્ષેત્રમાં અનેક સંશોધનો હાથ ધર્યા હતા. તેમના મતે જે શિક્ષક મનોવિજ્ઞાનનો અભ્યાસી છે તે શિક્ષક જ વિદ્યાર્થીના મૂંઝવતા પ્રશ્નો નિકાલ લાવી શકે છે. શિસ્ત એ જેટલું સુંદર સાધન છે એટલું જ સૂક્ષ્મ સાધન પણ છે. અધ્યાપકોએ તરુણાવસ્થાને મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિથી તપાસવી જોઇશે અને આ અવસ્થાના પ્રશ્નોનોને શાંતિપૂર્વક વિચારી સહાનુભૂતિ દાખવી ઉકેલવા જોઇએ. બાલમહિમાનો સાચો અર્થ એ જ છે કે બાળકના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર કરવો. તેઓ સ્વયંશિક્ષણ પદ્ધતિના હિમાયતી હતા. જે અભ્યાસક્રમને જીવન સાથે સીધો સંબંધ ન હોય તે અભ્યાસક્રમ છોડી દેવો જોઈએ.

આમ, હરભાઈ ત્રિવેદી એ શિક્ષણ જગતને તેમના અમૂલ્ય શૈક્ષણિક વિચારોની ભેટ ધરી છે.